# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17.08.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

****************************************************

1) કર્મચારી,જાહેર ફરિયાદ અને પેન્શન રાજ્યમંત્રી ડૉ.જીતેન્દ્ર સિંહ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય અનુભવ પુરસ્કારો 2026 એનાયત કરશે.

2) DRIએ દક્ષિણ-પૂર્વ એશિયાઈ સોપારી, ભારતમાં આયાત કરવાનું નેટવર્ક ઝડપી પાડ્યું - નવ વ્યક્તિઓની ધરપકડ.

3) 2027 વસ્તી ગણતરી અંતર્ગત લદ્દાખ અને જમ્મુ કાશ્મીરના કેટલાક વિસ્તારોમાં આજથી સ્વ-ગણતરી શરૂ થશે.

4) NTAએ UGC NET પરીક્ષાના ત્રણ વિષયોની પુનઃપરીક્ષાની જાહેરાત કરી.

5) પૂંછ જિલ્લાની 12 દિવસીય વાર્ષિક શ્રી બુઢા અમરનાથ યાત્રા આજથી કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે શરૂ.

6) BWF બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપનો આજથી નવી દિલ્હી ખાતે પ્રારંભ.

……………………………………………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# NATIONAL EXPERIENCE AWARDS, 2026

કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય અનુભવ પુરસ્કારો, 2026 એનાયત કરશે.

આ કાર્યક્રમમાં પેન્શન મિત્ર પર હેન્ડબુક અને રાષ્ટ્રવ્યાપી ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ (DLC) ઝુંબેશ-5 માટેની માર્ગદર્શિકાનું વિમોચન પણ કરવામાં આવશે. આ કાર્યક્રમના ભાગ રૂપે એક બેંક પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવશે, જ્યાં 17 પેન્શન વિતરણ કરતી બેંકો નિવૃત્ત કર્મચારીઓ માટે રચાયેલ તેમના ઉત્પાદનો અને સેવાઓ પ્રદર્શિત કરશે.

રાષ્ટ્રીય અનુભવ પુરસ્કાર યોજના, 2026 માટે, પસંદ કરાયેલા 15 પુરસ્કાર વિજેતાઓએ રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપ્યું છે અને સરકારના વિવિધ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સનો ભાગ રહ્યા છે જેમ કે, પાસપોર્ટ સેવા કેન્દ્ર, જૂના નિયમો રદ કરવા અને વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ નવા નિયમો ઘડવા, વહીવટ અને એકાઉન્ટિંગમાં તકનીકી અનુકૂલન, ઉર્જા સંરક્ષણ વગેરે.

'અનુભવ' પ્લેટફોર્મ કેન્દ્ર સરકારના કર્મચારીઓ, 12 જાહેર ક્ષેત્રની બેંકો અને કેન્દ્રીય જાહેર ક્ષેત્રના સાહસોના નિવૃત્ત કર્મચારીઓને સરકારમાં કામ કરવાના તેમના અનુભવો શેર કરવા માટે એક મંચ પૂરો પાડે છે.

# SAFTA

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (DRI) એ દક્ષિણ-પૂર્વ એશિયાઈ સોપારી ભારતમાં આયાત કરવામાં સંડોવાયેલા એક મોટા નેટવર્કને ઝડપી પાડ્યું છે. આ કેસના સંદર્ભમાં નવ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે.

આ નેટવર્ક પોતે બાંગ્લાદેશી મૂળના હોવાનું ખોટી રીતે જાહેર કરી પોતે દક્ષિણ એશિયન મુક્ત વેપાર ક્ષેત્ર (SAFTA) હેઠળ કન્સેશનલ ડ્યુટી લાભો મેળવીને છેતરપિંડી કરવામાં આવી છે.

સાંભળીએ એક અહેવાલ.....

## VC: SAKLEN

નાણા મંત્રાલયે જણાવ્યું કે, તપાસમાં અત્યાર સુધીમાં 2500 કરોડ રૂપિયાથી વધુનું સંભવિત આવક નુકસાન જાહેર થયું છે.

# BRICKS MEETING

ભારત નવી દિલ્હીમાં 12મી બ્રિક્સ પર્યાવરણ મંત્રીઓની બેઠકનું આવતીકાલે આયોજન કરશે. આ બેઠક પહેલા આજે પર્યાવરણ કાર્યકારી જૂથ અને ક્લાઇમેટ ચેન્જ અને સસ્ટેનેબલ વિકાસ પર સંપર્ક જૂથની બ્રિક્સ વરિષ્ઠ અધિકારીઓની બેઠક યોજાશે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ.....

VC: MANOJ

# LADAKH CENSUS

2027ની વસ્તી ગણતરી માટે સ્વ-ગણતરી આજથી લદ્દાખ અને જમ્મુ અને કાશ્મીરના બરફથી ઘેરાયેલા વિસ્તારોમાં શરૂ થશે. 31મી ઓગસ્ટ સુધી ચાલુ રહેશે.

આ કવાયત જમ્મુ અને કાશ્મીરના 16 જિલ્લાઓમાં ઓળખાયેલા બરફથી ઘેરાયેલા વિસ્તારોના રહેવાસીઓ અને લદ્દાખના લોકોને નિર્ધારિત સમયગાળામાં સ્વ-ગણતરી પૂર્ણ કરવા વિનંતી કરવામાં આવી છે.

1 થી 30 સપ્ટેમ્બર દરમિયાન યોજાનારી ઘરે ઘરે જઈને વસ્તી ગણતરી પહેલાં તેમની વિગતો ડિજિટલી કરવાની મંજૂરી અપાશે. વસ્તી ગણતરીમાં વસ્તી વિષયક વિગતો, પ્રજનનક્ષમતા, વ્યવસાય અને અન્ય પાસાઓ સંબંધિત લગભગ 40 પ્રશ્નો આવરી લેવામાં આવશે, જેમાં આ વખતે જાતિનો પણ સમાવેશ કરવામાં આવશે.

વસ્તી ગણતરીના બીજા તબક્કા દરમિયાન લદ્દાખમાં લશ્કર, આઇટીબીપી અને વાયુસેના સહિત ખાસ સંસ્થાઓને પણ આવરી લેવામાં આવશે.

# UGC-NET

UGC-NET 2026 પરીક્ષાના ત્રણ પેપર, અંગ્રેજી, વાણિજ્ય અને સમાજશાસ્ત્રમાં અનેક ભૂલો હોવાની ફરિયાદોને આધારે નેશનલ ટેસ્ટિંગ એજન્સી NTAએ આ ત્રણ વિષયના પેપરની ફરીથી પરીક્ષા લેવાની જાહેરાત કરી છે.

NTA એ જણાવ્યું કે, આગામી મહિનાની 9 સપ્ટેમ્બરના રોજ અંગ્રેજી અને વાણિજ્યનું પેપર લેવાશે, જ્યારે સમાજશાસ્ત્રનું પેપર 10 સપ્ટેમ્બરના રોજ લેવામાં આવશે.

NTAએ જુનિયર રિસર્ચ ફેલોશિપ, આસિસ્ટન્ટ પ્રોફેસર માટેની લાયકાત અને પી. એચ. ડી પ્રવેશ માટેની 22 થી 30 જૂન 2026 દરમિયાન UGC-NET ની પરીક્ષા લીધી હતી.જેમાં અનેક ફરિયાદો મળતા NTAએ આ ભૂલોની તપાસ કરવા સમિતિની રચના કરી હતી.

સમિતિની ભલામણ મુજબ નિષ્પક્ષ અને ભૂલમુક્ત પરીક્ષા યોજવાના હિતમાં, આ ત્રણ પેપર ફરીથી લેવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# POONCH BABA BUDDHA AMARNATH

પૂંછ જિલ્લાના મંડી તહસીલના રાજપુરા ગામમાં પ્રાચીન બાબા બુઢા અમરનાથ મંદિરની 12 દિવસની વાર્ષિક શ્રી બુઢા અમરનાથ યાત્રા આજથી કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે શરૂ થઈ રહી છે.

## VC: GULSAN RANA JAMMU

આ યાત્રા 28 ઓગસ્ટ સુધી ચાલુ રહેશે અને રક્ષાબંધન પર સમાપ્ત થશે. અધિકારીઓએ રાજૌરી, પૂંછ અને પરિવહન માર્ગો પર કડક બહુ-સ્તરીય સુરક્ષા અને દેખરેખ લાગુ કરી છે. પૂંછ જિલ્લાના મંડી તહસીલના રાજપુરા ગામમાં સ્થિત ભગવાન શિવને સમર્પિત પ્રાચીન બાબા બુઢા અમરનાથ મંદિરમાં શ્રાવણ દરમિયાન દર વર્ષે યોજાતી યાત્રા છે.

# AIR INDIA

એર ઇન્ડિયાએ વિશાખાપટ્ટનમ તેની બધી ફ્લાઇટ્સ આજથી ભોગાપુરમના નવા અલ્લુરી સીતારામ રાજુ ઇન્ટરનેશનલ એરપોર્ટથી ઓપરેટ કરશે.

એર ઇન્ડિયાએ માહિતી આપી કે, એરલાઇન ભોગાપુરમ અને દિલ્હી વચ્ચે 14 સાપ્તાહિક ફ્લાઇટ્સનું સંચાલન ચાલુ રાખશે. 77 હજાર 342 ચોરસ મીટરમાં ફેલાયેલું, નવું ટર્મિનલ 22 ચેક-ઇન કાઉન્ટર, 18 સેલ્ફ-બેગેજ ડ્રોપ યુનિટ, અદ્યતન સ્ક્રીનીંગ સિસ્ટમ્સ, આધુનિક બેગેજ હેન્ડલિંગ સુવિધાઓ અને સાત એરોબ્રિજ ધરાવે છે.

# JHARKHAND

ઝારખંડમાં, રાજ્યની ભરતી પરીક્ષાઓમાં અનિયમિતતા સામે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓએ ગઈકાલે રાંચીમાં મુખ્યમંત્રી હેમંત સોરેન, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને આરજેડી નેતા તેજસ્વી યાદવના પુતળાઓનું દહન કર્યું હતું.

વિદ્યાર્થીઓએ રાજ્ય સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા અને ભરતી પ્રક્રિયામાં અનિયમિતતાનો આરોપ લગાવીને JPSC અને JSSC પરીક્ષાઓ રદ કરવાની માંગણીનો પુન:રોચ્ચાર કર્યો હતો. પ્રદર્શનકારીઓએ આ મહિનાની 20મી તારીખે મુખ્યમંત્રીના નિવાસસ્થાનનો ઘેરાવ કરવાની પણ જાહેરાત કરી છે.

દરમિયાન, રાજ્ય સરકારે વાતચીત દ્વારા સમસ્યાનો ઉકેલ લાવવાનો વધુ એક પ્રયાસ કર્યો છે અને આજે બપોરે 2 વાગ્યે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને વાતચીત માટે આમંત્રણ આપ્યું છે.

# BWF BADMINTON

BWF બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપ આજથી નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમ ખાતે શરૂ થશે. ભારતીય શટલર્સ આજે પોતાનું અભિયાન શરૂ કરશે.

મહિલા સિંગલ્સમાં,પી.વી. સિંધુ આયર્લેન્ડની સોફિયા નોબલ સામે ટકરાશે. જ્યારે મહિલા ડબલ્સની જોડી ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદનો મુકાબલો પ્રથમ રાઉન્ડમાં સ્પેનની પૌલા લોપેઝ અને લુસિયા રોડ્રિગ્ઝ સામે થશે.

સાંજે, ભારતીય ખેલાડી આયુષ શેટ્ટીનો મુકાબલો પુરુષોની સિંગલ્સ શ્રેણીમાં ચીનની શી યુ ક્વિ સામે થશે. પુરુષોની ડબલ્સમાં, ભારતીય જોડી સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી બાય મળ્યા બાદ પહેલાથી જ બીજા રાઉન્ડમાં પ્રવેશ કરી ચૂક્યા છે.

# CRICKET

પુરુષ ક્રિકેટમાં, ભારત આજે શ્રીલંકાના ગેલ ઇન્ટરનેશનલ સ્ટેડિયમમાં શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે 9 વિકેટે 460 રનના સ્કોરથી પોતાનો પહેલો દાવ આગળ ધપાવશે. ગઇકાલની રમતના અંતે પ્રસિદ્ધ કૃષ્ણા અને કુલદીપ યાદવ રમતમાં હતા.

# FIH

FIH મહિલા હોકી વર્લ્ડ કપમાં, ભારતે નેધરલેન્ડ્સના એમ્સ્ટલવીન ખાતે ગ્રુપ-સ્ટેજ મેચમાં ચીન સામે 2-2 થી રોમાંચક ડ્રો સાથે પોતાના અભિયાનની શરૂઆત કરી.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોમાં વિવધ સમાચારો વાંચવા મળી રહ્યા છે.
- સંદેશ અને દિવ્ય ભાસ્કર લખે છે કે, શસ્ત્રધારી નક્સલી ખતમ, પણ "દિમાગી નક્સલી" હજુ પણ આસપાસ હજાર, દિમાગી નક્સલીઓથી સાવધ રહો: મોદીની ચેતવણી.
- ગુજરાત સમાચાર લખે છે કે, વંદે માતરમ્ મુદ્દે વિવાદ વકર્યો: સોનિયા ગાંધી સામે FIR.
- ફૂલછાબ લખે છે કે, ઇન્ડોનેશિયામાં 7.7નો ભૂકંપ
- અને નવગુજરાત સમયે લખ્યું છે કે, યુવાનો માટે મોટી યોજનાઓની પીએમ મોદીની જાહેરાત.
- સ્થાનિક સમાચારોમાં, મુખ્યમંત્રી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ સંદર્ભે અમેરિકા, કેનેડાના પ્રવાસે, રાજ્યમાં ઓગસ્ટથી ઓકટોબર સુધી ભારે વરસાદની આગાહી જેવા સમાચારો વાંચવા મળી રહ્યા છે.